વિજયકમળ

નાટકનાં ગાયનો.

શ્રી ભારત નાટક સમાજ માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર

દેશાઇ ઇશ્વરભાઇ જીવ

અમદાવાદ.

ધી ચંદ્રપ્રકાશ પ્રી'

વિજય-કમળા

નાટકનાં ગાયનો.

શ્રી ભારત નાટક સમાજ માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર

દેશાઇ ઇશ્વરભાઇ જીવાભાઇ.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.

ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪

કીંમત રૂ. ૦-૨-૦

વિજય-કમળા નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

પ્ર. ૧ લો—નટી સુત્રધાર નાટકની પ્રસ્તાવના.

પ્ર. ૨ જો—સરદારસિંહના ચાર સાથીદારો સાથે રણમેદાનમાં તપાસ કરવા જવું. જંગલમાં વિજયસિંહ તથા સરદારસિંહનુ મળવું ને પોતાની સ્થીતીનો અફસોસ ને વેર લેવાનો વીચાર ને બાદશાહના ફરમાનની હકીકત જાહેર કરવી બારોટનુ આવવું ને ઉસ્કેરણીના વચન વિજયસિંહનુ તથા સરદારસિંહનું જુદા પડવુ

પ્ર ૩ જો—માતાના મંદીરે વિજયસિંહનુ દમનને આવવું કમળાનુ દેવી પુજનએ સખીઓ સાથે આવવુ કમળા તથા વિજયનુ પ્રેમમા લગ્ન થવુ બન્નેનુ જુદા પડવું.

પ્ર ૪ થો—દેવીદાસે પોતાના પુત્રની વહુ ઉપર આશક થવું, નોકરની નમકહલાલી.

પ્ર. ૫ મો—બેગમનો મહેલ સાહેલીઓનો રાગરંગ બાદશાહ તરફથી આવેલી ભેટ જોઈ બેગમનું ગુસ્સે થવું બામસિંહને છોડી દેવા બાદશાહ તથા બેગમનો વાદવીવાદ આખરે બેગમનો બાદશાહ ઉપર વેર લેવાનો વીચાર

પ્ર. ૬ ઠો--દેવીદાસ તથા સુદરની ગમત પ્યારમાં લુબ્ધ થયેલા ડોસા નુ દળવા બેસવું.

પ્ર. ૭ મો--દુર્ગસિંહની કચેરી બાદશાહનુ આવવું પદ્માવતીનું શીયળ સાચવવું કમળા તથા વિજયના લગ્ન.

અંક ૨ જો.

પ્ર. ૧ લો—પદ્માવતી કમળા તથા વિજયસિંહનું દુર્ગસિંહના વૈરાગથી છુટા પડવું.

પ્ર. ૨ જો—વિલાસીનીનો વીલાપ સામતસિંહ તથા વૈરીસિહે આવી ભીમસિહ તથા કુમારના મરણના સમાચાર કહેવા સરદારસિહનુ આવવુ, તેનો તીરસકાર ને વિલાસીનીએ રણમેદાનમાં પોતાના પતીનુ સબ ખોળવા જવું.

પ્ર. ૩ જો—દેવીદાસ તથા ભાનુદાસની ગમ્મત.

પ્ર ૪ થો—જનાનામા ભીમસિંહનો અફસોસ સરદારસિહનુ આવવું, ભીમસિહને છુટા કરવા બેગમનું આવવુ.

પ્ર ૫ મો—નીગકદલાસ નોકર સુંદરે સ્ત્રીનો વેશ લઇ દેવીદાસને બનાવવુ ભાનુદાસને બનેલી હકીકત કહેવી.

પ્ર. ૬ ઠો—શાહાજાદાનો કમળા ઉપર પ્યાર કમળાએ શાહાજાદાને બનાવી છટકી જવુ.

પ્ર ૭ મો—દેવીદાસ સુંદર અને ભાનુદાસની ગમ્મત.

પ્ર. ૮ મો—રણુ મેદાનમાં વિલાસીનીનું આવવુ ભીમસિંહનો મેળાપ પુત્રનું ગુમ થવુ.

અંક ૩ જો.

પ્ર. ૧ લો—પદ્માવતીની શીયળ સાચવવા કોસીસ બાદશાહનું આવવું યુકતીથી પદ્માવતીનુ છટકી જવુ સરદારસિંહ તથા બેગમનું આવવું છોકરાને લઇ સોપાઇઓનું દાખલ થવુ. સરદારસિંહની બાદશાહ પાસે છોકરાની માગણી શાહજાદાનુ બાદશાહ પાસે આવવું.

પ્ર. ૨ જો—વિલાસીની તથા ભીમસિંહનો પુત્ર વીયોગે શોક કરવો, વેષ બદલી કુમારને લઇ સરદારસિંહનુ આવવું.

પ્ર. ૩ જો—છટકી આવેલી કમળાનુ જંગલમા સુઇ જવું, વૈરીસિંહને સામંતસિંહનુ આવવું, પ્રપંચથી કટાર રૂમાલ લેઇ લેવા. સરદારસિંહને પોહોચાડવા સામંતસિંહને ભલામણ, કમળાને લઇને જવું.

પ્ર. ૪ થો—મસાણમા વશીકરણ વીધા સાધવા સુંદરનો પ્રપંચ દેવીદાસને બધાએ મળી બનાવવો.

પ્ર. ૫ મો—કમળાનુ ખુશી થવુ વૈરીસિંહનું આવવુ, પ્રપંચથી સરદારસિંહની છબી આપરી વિજયસિંહને વેહેમમા નાખવો, વિજયસિંહનું ગુસ્સે થવુ

પ્ર. ૬ ઠો—પ્રપંચી વૈરીસિંહને સરદારસિંહે કેદ કરવો.

પ્ર. ૭ મો—કમળાનુ પસ્તાવું વીજયસિંહનુ આવવું વ્યભીચાર બાબત કમળાને દરીયામા નાખો દેવી ધનવતીનુ દરીયામા પડવું સરદારસિંહનુ આવવુ વીજયસિહને કેદ કરવો.

પ્ર ૮ મો—દેવીદાસનુ બગીના વેશમા દીવાળીને મળવા આવવું ભાનુદાસનુ સ્ત્રીના વેષમા આવવું પછીથી ખુલ્લા થવુ દેવીદાસનો પસ્તાવો.

પ્ર. ૯ મો—બાદશાહ લસ્કર લઇ આવે છે એવી ખબર મળવાથી ભીમસિંહનો અફસોસ નાખુશ માથે જોગીવેશમા કમળાનું આવવુ દુર્ગસિહનુ સાધુવેશે ધનવતીને લઇ આવવું દુર્ગસિંહનો તથા કમળાનો મેળાપ ભીમસિહનુ માતાના મદીરે જવુ કમળા-વિજયસિંહનો મેળાપ-જુદા પડવું.

પ્ર ૧૦ મો—સરદારસિંહ સ્ત્રી હત્યાના પાપથી વિજયસિહને ગરદન મારવા તૈયાર થાય છે કમળાનુ જોગીવેશમા આવવુ વિજયસિંહને બચાવવા બાદશાહનુ આવવુ બધાને કેદ કરવા ભીમસિંહનું આવવુ બધાને છેડાવવા.

પ્ર ૧૧ મો—સર્વેનો મેળાપ.

મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષ વર્ગ.

સુત્રધાર-નટી

સરદારસિંહ.......... ઇડરના રાજા સત્યસિંહનો પાટવી કુમાર.

વીજયસિંહ.......... (બહાદુરસિંહ) તેનો નાનો ભાઇ.

બારોટ.................... રાજ્યનો બારોટ.

દેવીદાસ.......... સત્યસિંહનો દીવાન.

સુંદરલાલ.............. દેવીદાસનો નોકર

ભાનુદાસ.............. દેવીદાસનો પુત્ર.

અલાઉદીન.......... દીલ્લીનો બાદશાહ.

ભીમસિંહ.......... સત્યસિંહનો ભાઇ.

દુર્ગસિંહ.......... ભીમસિંહનો સાળો.

શાહજાદો.......... રહેમતખાનનો પુત્ર.

રહેમતખાં.......... અલાઉદીનનો ભાઇ

વૈરીસિંહ.......... સરદારસિંહનો મીત્ર

સ્ત્રી વર્ગ.

કમળા.......... દુર્ગસિંહની કુંવરી.

ઈશાવતી.......... કમળાની દાસી

બેગમ.......... અલાઉદીનની સ્ત્રી

વિલાસીની.......... ભીમસિંહની સ્ત્રી

પદ્માવતી.......... દુર્ગસિંહની સ્ત્રી

દીવાળી.................. ભાનુદાસની સ્ત્રી.

દરબારી, ચોપદાર, વારાંગના, સાહેલીઓ, પટાવતો વીગેરે.

વિજય-કમળા

નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

સુત્રધાર— મંગળા ચરણ ગાયન ૧

સીદ્ધી બુદ્ધી પતી સુત સતી ગણપતી
વીનતી ઉર ધરી અર્પજો સન્મતી
પ્રણમુ હું દીલ દેવ દયાળુ વીભુને ....આજ.
જગ્ત રંજન ભીડ ભંજન ગૌરી નંદનશ્રી
ગુણુ ગાન વીના માનુ સર્વ ફના
દુઃખદ સંસારમાં આ .. ..સીદ્ધી.

બાળાઓ— ગાયન ૨

જય જય હો સદા જગત માંહી વીર નામની
દેહને ગેહના સ્નેહને છેહ દઈ
કીર્તી અવીચળ કરો જગત.
પર ઉપકારે પ્રાણુને પાડી
રક્ષા પ્રીતીથી કરો સતીના સીયળ પ્રાણુની—જય.

સિપાઇઓ— ગાયન ૩

વાહવાજી વાહવાજી વાહવા
વાહવાજી બહાદુર સરદાર
હોમતથી કરીએ તપાસ ચાલો જઇને આવાર આવાર
શુરવીરોના શીરો સમશીરો ને તીરો
વાગ્યાથી રણમાં પડયા થઇ બેહાલ. વાહવાજી.

સરદારસિંહ— ગાયન ૪

અહા જાણી અતી આતુર થઇને અરીદલમાં હા અરીદલમાં
જઈ મારૂ કાપુ સસ્ત્રાસ્ત્રેથી, છેદુ ભેદુ બહુ બળમાં હા બહુ બળમાં
થર થર થર થર ધરણા ધ્રુજાવુ, વીર વીદારૂ રણ સ્થળમાં
દડ દડ દડ દડ રક્ત વહાવું, ધડ રઝળાવું વીર દળના
પ્રાણની હાણીને કરીને, અરીદલમાં હા અરીદલમાં
હા અરીદલમાં અહા

સરદારસિંહ— ગાયન ૫

ઝટ જઇને વેર લઉં દુસ્મનનું હું આવાર
ઝટકેથી શાર ઉડાવું એ મ્લેચ્છના શા છે ભાર
નહી નહીરે લેસ સાંખુ પાપીનો જુલ્મ અપાર
કંઇ કઇ આમન થાએ હદયે ઝરે અંગાર

વિજયસિંહ—

મારી કાપીએ પાપીઓનો કાઢી નાંખુ દમ
છોડાવી લાવું હું સતીને શે કરૂં વીલંબ

રે ચંડાળ
નો આ કેવો જુલમ કરતાં કેવું કરમ તજી નીતી ધરમ
કરે આવો અધર્મ કહેવાયે બેશરમ
જેને જરી ન લાજ શરમ

સખીઓ-કમળા— ગાયન ૬

અરે હાંરે (૨) સેવો શાન્તીદાઇ અંબે આઇ આજરે
થાશે થાશે (૨) મને માન્યા તુર્ત સહુ સીદ્ધ કાજરે-અરે૦
ચંદન અક્ષત અબીલ અરગજા
પુંજીએ પુષ્પે ભવાની શ્રી તુલજા
ધુપ દીપથી પંચો પચાર વીવીધ પ્રકાર.........અંબે આઇ૦
શ્રેયકારી મા દયાળી શર્ણ ધારી
સેવ તારી કરે સખી જન રાખો અમ લાજરે-અરે હાંરે૦

કમળા— ગાયન ૭

જાઓ રસીલા રાજ કરી આમ ન નારાજ
પ્રેમી પીયુજી પ્રણામ છે છેવટના રામ રામ

વિજયસિંહ—

સુંદરી શ્રીહરી જગતપાલ, પ્રીય પલભર રહે નીરભય તું-જા
રસીલી રાજીથી રજા તું દે
સુખે સીધાવું હું પ્રાણ

કમળા— ગાયન ૮

અરેરે ગતી શી મારી થનારી
થનારી થનારી થનારી અરેરે.
હું રવડી બનીને દુખીયારી
પ્રાણ વીના કાયા હવે કેમ જીવનારી
નીરાધાર હાં જાઉં હવે કયાં
પડી પડી વ્યર્થ રીબનારી અરેરે.

સખીયો— ગાયન ૯

વારે વારે સખી શું આમ થારે હૃદય માંહી દીલગીર તું
ખાવું ન પીવું ન રાજીથી રહેવું. વારે.

કમળા—

જાઓ સખીરી મેં લીધી ફકીરી એ પ્રીતમની પાછળ જનારી

સખીયો—

આ શું કરો શાન્તી ધરો

કમળા—

નહી નહી હું તો માનનારી

સખીયો—

હું એ વારે.

સખીયો—(ગરબો) ગાયન ૧૦

જાય કેમ દુખદનીશી આજનીરે
વાટ જુવે વામારતી રાજનીરે
રહેનારી રોતી સદા સીમા તજી લાજની

સાખી.

હેમ હુતાસન સરીખડો પ્યારા વીના પલંગ
કુસુમ સેજ્યા સુકાઇ ગઇ રસીયા વીના નવરંગ
ઝુરતી ઝરૂખે ઘડી ઘડી આવી ઝાંખતી
ભાન ભુલી પંથીપર એ કહી એ ભાખતી
લાગે ભયાનક રાત એકલડી હું બી મરૂં

સાખી.

નીંદરડી વેરણ થઇ, સુતા ન પડે સુખ
સ્વપ્નામાં ઝબકી ઉઠું, મન મોહન જોઇ મુખ
સહે ભારી આશા અટવાણી સુખ સાજમાં

દીવાળી— ગાયન ૧૧

રે જુલમ અરે જગદીશ આવડો કેમ કરી સહેવાય
થઇ સ્વસુર વહુની લાજ લેવા લંપટ અતીશય લલચાય
શું પીતા પુત્રીના અંગ તણો મન ભ્રષ્ટથી સંગ ચહાય
આ ધરા ધરે નહી શેશ જરૂર જગ સર્વ રસાતાળ જાય
છે નકી છે નકી કરૂં આવાર બુરૂ કરનાર બુરૂ ફળ પામે
પાપી નીજ પાપી અગ્ની દવમાં બળી જાએ

વારાંગનાઓ ગાયન ૧૨

દીન આયા બહારકા હુવે શાદમાનીઆ
ગાઓ ખેલો ખુશીસેં હુવે શાદમાનીયા
નાચો નાચો સજનીઆં હુય શાદમાનીઆ
રંગત મચાવો આલી આ ....
છુમ છનનન છુમ છનનન છુમ છનનન
તાન લે કે સબ હીલમીલ ગાઓ મપ ધની સારે ગરે
સાની ધપ પ મપ—દીન.

બેગમ— ગાયન ૧૩

દુર દુર ઓ બેશહુર કીસ્સે તુ નાદાન જાન સમજાવે
દીલ કયા તેરા અયેસી લઓંડી પર
મીલતો ઇસ્સે કયા હુય મગદુર................દુર દુર

દેવીદાસ— ગાયન ૧૪

મારી નાજુકડી દીલદાર
જેવી ફક્કડ હું તેવો ફાંકડો ભરથાર

દીવાળી—

શરમાવો સસરાજી મારા બાપ ઠેકાણે આપ
પુત્ર વહુને એવુ કહેતાં લાગશે અતીશે પાપ૦—મારી

સુંદર—

ધર્મ શાસ્ત્ર શીખ્યા સઘળું પણ સમજ્યા નહી તલભાર
હાથી નાએ હોંસ ધરી પણ શીરે ધુળ ધરનાર૦—મારી

દેવીદાસ--

સમજી સહુ હું શું સમજાવે તમે બીચારાં બાળ
આજ કાલના અથડાતાં હું વ્રદ્ધ બુદ્ધિ વિશાળ૦—મારી

દેવીદાસ— ગાયન ૧૫

કહાણી કહું કહાણી મારા કર્મની
નર હતો પણ નારી થઇને દાણા દળુ આપ
ભોગ લાગ્યા અહીં આવી ભરાણો પ્રગટયા પુરવ પાપ-
કુડુ કર્મ આચરી મેં તો બોળ્યું બાપનું નામ
દેવીદાસના ડંકા વાગ્યા જાણશે બધુ ગામ૦--કહાણી

સુંદરલાલ— ગાયન ૧૬

ધીક ધીક અરે ઓ અધમ અનાડી
કેવું કામ કેવુ કામ આમ થશે ઠામ ઠામ બદ નામરે
થઇ બાપ ચહે બેટીને રહે આગને ભેટીને
બળી મરશે કે શું કરશે જેવુ કરશે તેવું ભરશે
નીતી એવી ચોખ્ખી દીવા જેવી૦ ધીક ધીક

સર્વપાત્રો-- ગાયન ૧૭

થઓ આનંદ આનંદ સર્વ સાજમાં
પરણ્યા શાણા રાજન સતી શાણી ગુણવંત
શોયળવંતી સુજાણ
અહાહા અહોહો. થઓ આનંદ.
ગાઇએ હળી મળીને આપણે સંગાથ
જુગતી જોડીનો પ્રભુ અવીચળ રાખો સાથ
અહાહા અહોહો. થઓ આનંદ.

અંક ૨ જો.

દુર્ગસિંહ— ગાયન ૧૮

રામ હૃદય લે રટી મુરખ તારી આયુષ જાયે ઘટી
જામની કામની સંગે જુગવતો આંખે બાંધી પટી-મુરખ.
આગળ આવશે આડી અવળી વાટ તારી અટપટી-મુરખ.
હું પણમાં અમથો હેલામાં ફોકટ જાએ ફુટી મુરખ.
માથે હતી તુજ ભારે મોટી મોતની બીક ન મટી-મુરખ.
સત સંગત હરી નામ લીધાથી હીંમત જાએ હટી-મુરખ.
જ્ઞાન ધ્યાન ગુરૂનું મન ધારે જમડા જાએ ડટી મુરખ.

કમળા— ગાયન ૧૯

આમ છોડી જતા શું દયાળુ પીતા
હાય શાને જીવે આ તમારી સુતા આમ.
નક્કી આવુ પીતા હું તમારી સાહે
હાય બાળા વિયોગી નહી રહી શકે
મન કેરી પીડા કોની પાસે કહે
તાત જાતાં પોડા આ કયાં જઇ કહે આમ.

દુર્ગસિંહ— ગાયન ૨૦

જગતની છે જુઠી માયા.
બ્રહ્મા વીરનું નારદ જેવા જે મહી લોભાયા૦-જગતની
વીષય વિષ લાલચે લપટાયા
કામ ક્રોધ મદ મોહ મમતના બંધમાં સપડાયા૦-જગતની

પડી પછી પરવશ આકાયા
રોગ શોક ભયતાપ ત્રિવીધ સહી સુખ દુ:ખની છાયા-જગત.
શાન્તી ધરી શ્રી હરી નવ ગાયા
આનંદ મુર્તી અંતર જ્ઞાને કદી નવ ઓળખાયા-જગતની

પદ્માવતી }
કમળા } ગાયન ૨૧

આમ કરી અમને નિરાધાર દયાળુ શાને વિદેશ સીધારો
પ્રથમ પ્રભુ આ પ્રાણ લઇ પછી જાઓ જહાં મન ધારો
ખીલતી વાડી વિધ વિધ પુષ્પે દાહ દઇ ન પ્રજાળો. દયાળુ

પદ્માવતી--

જીવન મારા જીવન ન્યારા કેમ ન દેહથી ધારો
કોમળવેલનું વર્ષા જીવન વીજળી વડેના વિદારો. દયાળુ

કમળા—

ખીલતી કળી આ વેલી તણી શું છુંદવા છરીએ વિચારો
તાત દયાળુ દીલ મહી સમજો દુ:ખીયાને દુ:ખથી ઉગારો. દયા

વિજય—

આશ્રમમાં રહી આપ સુખેથી જનમ્યાં બાળક પાળો
તજતાં તેને ત્રીભોવનમાં નથી આપનો કાંઇ છુટકારો. દયાળુ

વિલાસીની- ગાયન ૨૨

રે નાથના વિના અરે અનાથ હું બની
નીજ પ્રાણના વિના અરે રહી દેહ આ સુની
દુનીઆના દુઃખ દરિઆ વિષે એક નાવ પ્રાણનાથ
આપે ડુબી ડુબાવી ચાલ્યા બાળીકા અનાથ
સંસારનું સ્વપ્ને ન જોયું સુખ રે હરી
શ્રૃંગાર ભોગ વૈભવો ભોગવ્યા નહિ જરી
કીરતાર કાંઇ કરૂણા કરી કહો કંથ કયાં હશે
કામની આ કલપાંત કરતી કો બચાવશે

વિલાસીની- ગાયન ૨૩

દિલ લગાવી કયાં ગયા ઓ દિલભર હા ગયા કયાં હાં દિલભર
હા દિશે કયાં દીલભર હાં દીશે કયાં દીલભર
દીવાનું દિલ મારૂ થયું મુજ શાન ભાન સરવે ગયું
શું રોઆવી હા ગયા કયાં દિલભર હા દીશે કયાં
હું ગાંડી ઘેલા થઇ ફરૂં કયાં જઇ પ્રીતમજીને મળું
વારહાગ્નીમાં પ્રજળી મરૂં ઓ દીલભર હા ગયા કયાં

વિલાસીની— ગાયન ૨૪

જા જા દુરરે અધમ નીચ દુર થા
દુર થા કુરતા સહુ જાણી તુજ હવે
દુષ્ટ દીલમાં ધારે શું આવી કૃરતા જા, જા.

ઐાંસ સત્યતા મારી ન તજનાર
ના ના કદીયના કુભય તમને
સ્વપ્ને પણ કદી ન થાવું હું ત્રીયા જા, જા.

સરદારસિંહ- ગાયન ૨૫

નથી હું છોડવાનો તે ચંડાળ શાહને
મારી પછાડી ને કરૂં બે હાલ શાહને
રાજ્યથી કરૂં હું પાયમાલ શાહને
વેર મારૂં વીસરનાર હું કદી નથી
ટેક નવ તજું કદી ભુ ચળે નક્કી
બહાદુરી બતાવું તે કંગાળ શાહને
કાંઇક કરી દેખાડું હું કમાલ શાહને

સુંદર— ગાયન ૨૬

મારા માલીકના કીધી ભવાઇ ભલાઇ કાંઇ મારી વીચારે

દેવીદાસ—

શાબાશ શાબાશ ભાઇ તુને શાબાશ કહુ
ગઇની મારી મનાતો મુઝાઇ ભલાઇ.
મેળવજે મુજને મન હરણી તો તો સફળ આ કમાઇ. ભલાઇ

સુંદર—

કંઇ સમજો તમને શું અધીક કહું
તેથી નહો વધશે વડાઇ ભલાઇ.

ભીમસિંહ— ગાયન ૨૭

હા નશીબે શું લખાયું મારે આ કેદી થવું
પ્રારબ્ધમાં જે જે લખ્યું તેથી શીરીતે છુટવું
પુત્રના શોકે ચોરાયે હાય આ દેહ રાંકડી
સંતાપશે સાંખી રહે જાએ નહી શાને પડી
પ્રીય પત્નિ કયાં હશે તેનું અરેરે શું થશે
હા પ્રભુ સંજોગ કયારે સંગતીનો આવશે
આનંદના દીન અસ્ત થઇ આશોકની રાત્રી પડી
તે ઉપર તોફાની વાયુ મેઘની સ્વારી ચડી–હા નસીબે

સરદારસિંહ— ગાયન ૨૮

જાઓ તજી આપ સ્નેહ સબંધ

ભીમસિંહ—

હાજી જાઉ જીતવા જંગ
આપ વીણ લેશ નહી રહેવાએ

સરદારસિંહ—

હા મુજ મન પણ વ્યાકુળ થાએ

ભીમસીંહ–

જાઓ ઇશ્વર કરશે સ્હાય

સરદારસીંહ—

માગુછું હું એજ ઉપાય

મળશું મેળવશે જગદીશ
આવું છેદી શત્રુ શીશ

દેવીદાસ— ગાયન ૨૯

બોલ બોલ ઘુંઘટ શા માટે શરમાતી
જરા બોલો, બોલો, બોલો, દીલજાની, જાતું માની બોલ.
જરા લટકે ચાલી આવો આમ

સુંદર—

જરા લટકે ચાલી આવી આમ

દેવીદાસ—

જરા મુખને મલકે બોલો સ્વામ

સુંદર—

જરા મુખને મલકે બોલો સ્વામ

દેવીદાસ—

જરા રૂમ ઝુમ રૂમ ઝુમ

સુંદર—

અ હો હો હો દીલજાની.

દેવીદાસ— ગાયન ૩૦

મદ મસ્ત કેવી નાર આ દીલદાર છે. અહા
શું ચાલ છે વય બાલ છે પ્રેમાળ છે. અહા
સુંદર છે જેના વાળ ગોરા ગાલ છે. અહા
શરમાળ છે રોસાળ છે પ્રેમાળ છે; અહા

સુંદર— ગાયન ૩૧

છોડોને છેડો છોડોને છેલ્લા છોડોને
જાઓ હવે હું કદી ન બોલું બળી આદેવ તમારીરે
છોગાળા છકેલા થાઓ વહેલા વરઘેલા
પરણી પછી પાલવને સહાવોને

દેવીદાસ—

ઓહોહો છોડોને

સુંદર—

લાજ ન આવે લોકની તમને નાજુકડી હું નારીરે
ન સતાવો, નહી ફાવો, દુર જાઓ શરમાઓ
છોડો છોડો ના લોક હસાવોરે

દેવીદાસ—

માન માન છોડોને

કમળા— ગાયન ૩૨

પાપીના પ્રપંચે હાય પડી પાપ પાસમાં
મુઝાઇ રહી મનમાં આતીશય દુષ્ટ અવાસમાં
રીબાવશે આ રાંક ગૌને ઘાલી કંઠે ફાંસલા
છોડાવશે કો શ્રી હરી વીણ બાળારે નિરાશહાં
શીયળ તણી રક્ષા પ્રભુ કરજો કૃપાળુ આ સ્થળે
જો સાહ્ય તારી ન મળે અબળા ની તો માઠી વલે

શાહજાદો-- ગાયન ૩૩

આઇએ આઇએ આઇએ દીલબર આઇએજી
રસ્કે કમર જામે વસ્લ પીલાઇએ લાઇએ લાઇએ.—આઇએ
ચુન ચુન કલીઆં સ્હેજ બીછાઇ
ઉહાંપર તશરીફ લાઇએ લાઇએ. આઇએ

કમળા—

જાઓ જાઓ જાઓ કુંવર જાઓજી
રસીલા રસના રાયજી શાને લજાવો—જાઓ જાઓ કુંવર
સુંદર શયન ભુવન તે પર
શુળીના કાંટા બીછાવો. જાઓ જાઓ કુવર

દાસી— ગાયન ૩૪

વાવાજી વાહ વાવાજી વાહ
રંગીલી રસીલી છબીલી સુરત૦ વાવાજી
તેથી રૂડી તુજ મોહીની મુરત
આવો હસી ખુશી થઇને બોલાવો
કેવી રૂપાળી વળી રઢીઆળી
આંખો અણીઆળી શી શોભી રહી૦ વાવાજી

કમળા— ગાયન ૩૫

છુટી દુખ ફાંસે ફસેલી કસાઇને ત્યાંથી ગાય
કામ સિધ્યું સારૂં કીધું

પરમેશ્વર જગરાય૦ જુદી
વીનંતી અમારી હૃદય ઉતારી
દીધી છે અમપર કૃપાય
સુખમાં સ્મરીએ વીભુ શ્રી મોરારી
દુઃખમાં પણ તારી દયાય હરે પ્રભુ૦—દુઃખમાં
દેવા દયાળુ છો આપ માયાળુ
અનાથ કેરા આધાર એક રામ

સુંદર— ગાયન ૩૬

બુઢા કાકા ભંગી બનાવું હું
હવે દાવ મારો લડાવું હું૦ બુઢાકાકા
મેલું મુકાવું વાસીદું વળાવું
ગમ્મત ગજાવું હું૦ બુઢાકાકા
ફજેતા કરાવુ ચોરે ચઢાવું
આંગળીએ નચાવું હું૦ બુઢાકાકા

વીલાસીની— ગાયન ૩૭

જોતા સહુ રણભુમી આપણ કયાંય ન નીરખ્યા નાથને
કયાં જઇ રહ્યા કંથ મારા ત્યાગી બાળા સાથને
નર માંસ અસ્તી લઇને પક્ષી ઉડે આકાશમાં
મુજ પ્રાણ પક્ષી કયાં ગયું ત્યાગી ભયાનક વાસમાં

વિલાસીની ગાયન ૩૮

પ્રાણ આધાર છો જીવનહાર છો પ્રભુ કૃપા થઇ
ફરી મળીયા અહીં ચાલો પ્રાણપતી હૃદયાહાર છો
છુટા પાપી પાસથી વળી સંકટથી સાર
ઇશ્વર કરૂણાએ બંને સત્ય તણો જયકાર૦—પ્રાણ

વિલાસીની— ગાયન ૩૯

પુત્ર મારી ના ગમે તુજથી જુદા થવું
ધીક વત્સથી વીયોગી મેલું ગાયનું જીવું૦ પુત્ર૦
જોઇ તને આંખ ઠરતીરે રે બાળુડા
જોવું અને રોવું રહ્યું શે મન વાળુ હાં૦ પુત્ર૦
મુજ અંધનું હા આંખ રત્ન કયાં ઉડી જશે
રે પ્રાણ જાતાં કાય મારી તરફડી જશે૦ પુત્ર૦

પદ્માવતી— ગાયન ૪૦

રે હરી હાય હવે શું થાશે
આ દુષ્ટ કષ્ટે નષ્ટ બની ભ્રષ્ટ કાયા મારી થઇ જાશે
રોઇ રોઈ આંખો લાલ થઇ છે છળી મરૂ હું નીચ ત્રાસે
વીઠલ તારા વીના વેગે કોણ મારી વારે ધાશે૦—રે હરી
કાન ધરે નહી કેવું મારૂ પછી પસ્તાવો પમાશે
માટે મોરારી સાહ્ય કર મારી કીરતી ભુમાંહી ગવાશે૦—રે

પદ્માવતી— અંક ૩ જો. ગાનય ૪૧

છોડીદે નાદાની શાહ તારી આ ગુમાની
જશે સારી સુલતાની આવું કરવાથી કામ

રેરે અભીમાની કરે અક્કલ દીવાની
બની છેક અજ્ઞાની શાને થાય બદ્દનામ
શુળી શમી સ્ત્રી પારકી પેસેરધ્ય જો પાપીયા
વીંધે વપુને સ્હેજમાં દ્રષ્ટાંત લે કોઇ પાપીઆ
સમજીશ તો સારૂ થશે પસ્તાવ પુઠે પામશે
સ્હેજે સતી સંતાપતાં તુજ સંપતી સર્વે જશે. છોડી

વિલાસીની— ગાયન ૪૨

મારા પ્રીય પ્રાણાધાર ધરો હૃદય વીચાર
જન્મ્યુ જે અંતે સહુ છે જનાર. મારા૦
ફોગટ ફુલધરી સહુ મહાલે કાળની આગળ કશુ નવ ચાલે
ઇશ ઉગારશે આવી નીજ નાનો કુમાર. મારા૦

વિલાસીની ગાયન ૪૩

રોતો રહેને મારા મન મોહનજી મીઠડા
સુઇ જા હાલરડુ ગાઉ તારૂ વીર
થા છાનો માનો (ખવાડુ ખારેક ખીર) વ્હાલા પરવારી જાઉ
નહી તો બાહુ કરડે શીર
રક્ષા કરે દેવો તારી અણ દીઠડા૦—રોતો૦

કમળા— ગાયન ૪૪

શું હું કરૂ હાય રે રે દયાળુ
વન કેવું હાય ભયકાર ધીર ન ધરાય૦ શું હું૦
હાય અરણ્ય અતી દુઃખકારી

ક્યાં જવું તે નવ સુઝે મોરારી
સહુ શું હું રહુ શું હુ દુઃખથી હાયહાયહાયહાય૦-શું હું૦

સુંદર— ગાયન ૪૫

ભુત ભુંડા બતાવી સતાવી બુઠ્ઠાને મેલાવોરે

ભુત—

વિચીત્ર વેષે કર્યાં મેં ચાળા
ગુરૂ બન્યા બંદા આ જટાળા

સુંદર—

મેં પણ મંત્રની ફેરવી માળા
વાહ, વાહ, વા૦ ભુત૦
કેવો ડરાવ્યો કેવો હરાવ્યો મુરખ બન્યો બાપ તારો

સુંદર—

જુઓ કેવા ફજેતા હીંદુઓ સ્હેતા કુકર્મ વ્હેતા અનીતી લેતા
હા, હા, હા૦ ભુત૦

કમળા— ગાયન ૪૬

હું જાઉં વારી તમો પર મોરારી
કળાયામાં ન આવે કાંઇ કૃતી તારી૦ હું જાઉં૦
સુખ દુઃખ કેરી છાયા જગતમાં
પામર પ્રાણી સમજે ન ભારી૦ હું જાઉં૦
ભ્રમણામાં સહુ ભુલી ગયા છે
ધ્યાનથી લીલા એન ધારી૦ હું જાઉં૦

વિજયસિંહ— ગાયન ૪૭

હાય થયું શું મારાથી આવુંરે નીચ કામ
પ્રીય પતિન હણી કરયું મેં સાહસ હાય
શુદ્ધ જે સતી મહાન સાધ્વી સીતા સમાન
કહી નીચ કુલટા વીધી હાય ઉલટા
વીમાસ શાનેરે નાદાન
શોકથી હવે શું થાય
વ્યર્થ કાય રીબાય. હાય, થયું.

વિજયસિંહ— ગાયન ૪૮

હાય હાયરે મે કેવી મતી ક્રુર ધારી
સુખકારી તેં વીસારી પ્રાણીયારી ભમનારી
મેં કરી અતી દુખીયારી ભારી—હાય.
દરશ પરસ વીના તડપુછું નીશદીન
ચેન નહી ચીતમાં મુઝાય છે મારૂં મન
તન મન ધન વારૂ હાં
કમળને ઝુંટી નાખ્યું મુર્ખ બની કીચ માંહી
પછી પસ્તાવો મન મુઢ હવે શાને કરે
પ્રભુજી મહેર કરો કયારે પ્રીયા પામુ અહીં
હવે વીજય આ સંસારથી તુકા નમરે—આ......હાય

દેવીદાસ— ગાયન ૪૯

મીઠી મનહર પ્યારી સુંદર તનમન ધન

વારૂ નરવર એના સીરપર
ખડુ પડુ મરૂ કરૂં હું દરશન

સુંદર—

છોજી જવાન બડા હેવાન બન્યા બુઢ્ઢા નાદાન

દેવીદાસ—

કેવો ચહેરો મારો પ્યારીને પણ પ્યારો
નખરો વળી ન્યારો થાય પ્રસન. મીઠી

ગાયન ૫૦

હું તો લટકાળો મટકાળો નખરા બાજ દીલ નવાજ
નખરાબાજ દીલનવાજ નખરાબાજ દીલ નવાજ. હું તો
કદી આંખ જો મારૂં કોઇને તરત મુરછા ખાય
નેણુ કેરા જો સેણુ કરૂં તો તેની શી ગતી થાય. હું તો
ધીમા રહીને ડગ ભરૂં તો ડગાવું મોટા ભુપ
કોડીલા કામણુ ગારાનું જોજો રૂડુ રૂપ. હું તો
માથે મોટો ધર્યો ટોપલો હાથે લીધુ ઝાડુ
ઇશ્કના માર્યા ખાય ખાસડા કહેવત સાચી પાડુ. હું તો

દેવીદાસ— ગાયન ૫૧

અષ્ટ પુત્ર સૌભાગ્ય વતી વળી કંચન સમહો કાયા
પરીવારથી રહો સંપથી વીવેક વધજો માયા
આશીશ દઉં એવી સદા પ્રસન રહો દેવી
માયામાં મુઢ અંધ થઇ નવ જાણ્યા મુકુંદ મુરારી
લક્ષ ચોરાશી ફરી ફરી હાય થાશે ગતી શી મારી
સાહ્યથા ગીરીધારી આશા એક હવે તારી

ભીમસિંહ— ગાયન પર

જકડી જંજીરથી મારૂં હું ઠાર ઉતારૂં એનો હું તોર
ગબ્બર મોઝારો એ ગમાર દુષ્ટ તે દગાખોર
શુરાના કરથી છુટવો નથી, નીર્લજ નફટ ચોર. જકડી

સીપાઇ—

મહારાજ એ છે અતી બળીઓ

ભીમસિંહ—

શુરો રજપુત વીર નથી મળીઓ

સીપાઇ—

છળ બળથી છેતરશે તમને

ભીમસિંહ—

નિશ્ચય નોતરૂં કરશેજ મને
મોઘું માર, દઇશું અપાર, તીખી તલવાર શુરા. જકડી

કમળા— ગાયન પ૩

કરી જોગનીયાનો વેશ હું આવી હું આવી
અંગ અંગે ભભુત લગાવી લગાવી૦ કરી૦
કાને ધરી મુદ્રા ગ્રહી કરમાળા
સુંદર શીખા બંધાવી બંધાવી૦ કરી૦
પ્રાણ પ્રીતમ કાજે ફરૂં વન વન
અહાલેક જગાવી જગાવી૦ કરી૦

વિજયસિંહ— ગાયન ૫૪

આવો આવો હાવથી, ભામીની ભેટો ભાવથી,
(વદો) લલીત વદને લાવ્યથી૦ આવો૦

કમળા—

પ્રીય નાથ સાથ ઝાલી હાથ,
રહું હું દર્શથી
આનંદે આલીંગન દેજો,
અબળાને આ દર્શથી૦ આવો૦

વિજયસિંહ— ગાયન ૫૫

ચાલો ચાલો સંગાથે જઇએ
ભલા ભ્રાતને મનાઉં કુડો ક્રોધ વીસરાઉં

કમળા—

ફર્જ મારી હું બજાવું૦ ચાલો૦
રહો જુવતીની સાથે જોડથી
સાહે કરો કમળાને કોડથી
વારી આ પ્યારી તમારી સુનારી
સુખેથી સ્વામી રહીએ હાં૦ ચાલો૦

વિજયસિંહ— ગાયન ૫૬

હો અંત કાળે સ્મરૂં શ્રીરામ
પત્ની વીયોગી નીરજીવ કાયા આજે કપાસે રામ૦—હો
નીર્દયને સુખ સંપતી, સજ્જનને દે શુળ

વેશ્યાને પકવાન ફળ, સાધવી ફાકે ધુળ. હો
હાય ઠગાયો વૈરીથી, કપટ જાળમાં આજ
કલ્યાણી કમળા તજી, કર્યું નીચ આ કાજ. હો
છો સંધાથી સબળાહે, સત્ય તણા શ્રીરામ
દીન જન પાસ કૃપા લહે, રામ રામ શ્રીરામ હો

સર્વપાત્રો— ગાયન ૫૭

ભંજન દુ:ખ રંજન સુખ શીવ શંકરા
શીરપર ગંગ સોહે ઉમા સંગ
ચંદ્ર શેખરા ભંજન
ગળે રૂંડમાળ ને ડમરૂ કરધરા
ભસ્મ ભુશીત અહી ભુપણ વાઘાંબરા
નીલકંઠ મહાદેવ વીઘ્ન ભય હરા
પાપો કાપો સ્થાપો શાંતી સઘે પ્રેમ બધે ઓ વીશ્વંભરા-ભં
પ્રણીત પાળ છો દયાળ દીન દુખ હરા
અજર અમર અવની વીસે અખીલ ઇશ્વરા
ભારત નાટક વીનવે વીભુ વીતથી ઘર ભરા
જુગતી જુગતી મુકતી અમને દેજો સંપ રહેજો ઓદીગંબરા-ભં

સમાપ્ત.